# જ્ઞાતિમૈયા

**જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર**

ઈ-મેગેઝીન ● વર્ષ : ૨ ● અંક : ૪૦ ● સળંગ અંક : ૯૧ ● તા. ૭ માર્ચ ૨૦૨૦ થી ૧૩ માર્ચ ૨૦૨૦

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.











# શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ સંઘ (મહાજન) રાયપુર દ્વારા સત્કાર સમારંભ યોજાયો

જે ગમે જગત ગુરૂ દેવ જગદીશને,
તે તણો ખરખરો ફોક કરવો.
આપણો ચિંતવ્યો અર્થ કંઈ નવ સરે,
ઊગરે એક ઉદ્વેગ ધરવો.
હું કરું હું કરું એ જ અજ્ઞાનતા
શકટનો ભાર જેમ શ્વાન તાણે,
સૃષ્ટિ મંડાણ છે સર્વ એણી પેરે,
જોગી જોગેશ્વર કો'ક જાણે.

– નરસિંહ મહેતા



નીશિથ આનંદ દંડ

Sure Safety®
Complete Safety Solutions
PPE Training Consulting & Services



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણિલાલ ખોના
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
પ્રવીણ હંસરાજ લોડાયા
તિલોકચંદ નરશી દંડ
કીર્તિકુમાર ધનજી ધરમશી



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**
http://www.kdosm.org
Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/ મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# લોભને થોભ નથી

આ સામાન્ય સમજ છે કે જેની પ્રકૃત્તિમાં લોભ વૃતિ છે, લાલસા, લાલચ છે તે ક્યારે ધરવ પામતો નથી. લાવ, લાવ અને લાવ એ જ એના મનના પ્રત્યાઘાત હોય છે. બસ હવે બહુ થયું, હાશ હવે ઘણું થયું એવા સંતોષ એના મુખેથી ક્યારે નીકળશે નહિ. માનવી પાસે તેની મહેનતથી તેના પુરૂષાર્થથી જે મળ્યું છે. તેમાં તેને ક્યારે સંતોષ મળ્યો નથી. હજુ વધુ મળે, પુષ્કળ મળે એવી તૃષ્ણા માનવીના મનને અધ્ધરતાલ રાખે છે અને આખરે સંતોષ ન થવાથી જે મળેલ છે તેનો સુખ ભોગવી શકતો નથી. તરસ નો ધરવ પાણીના ઘૂંટથી મળી જાય છે. પણ વધુ પામવાની તૃષ્ણા નો ક્યારે અંત આવતો નથી. આ લાલચ અને લાલસા ઈન્સાનને ન કરવાના કામ કરાવે છે.

જ્ઞાન ભરી વાણી અને સ્વચ્છ પાણી જ્યાં સુધી અસ્ખલિત વહેતા રહે ત્યાં સુધી, શુદ્ધ અને કંચન જેવા નિર્મળ રહે છે. એવી રીતે સંચય કરેલ ધન, સંપતિ જો પરમાર્થ કાજે વપરાતી રહે તો ઝોળી ભરેલી તો રહે સાથે અભિમાન રૂપ વજન પણ ન આવે. સંપત્તિ સત્કાર્ય કાજે વપરાતી રહે તો નિર્મળ થઈ જાય. જો આ વહેણ અટકી જાય તો ખાબોચિયું બની રહે અને સ્થિર વહેણ થઈ જવાથી આખરે ગંધાઈ ઉઠે. ધનના ઢગલા અને કુડા કચરાના ગંજમાં શું ફરક છે? કોઈને ઉપયોગમાં ન આવેલું ધન કચરા બરોબર છે. લક્ષ્મી બીજાની મદદ માટે વપરાય તો મહાલક્ષ્મીનો દરજ્જો ભોગવે છે. પણ એ માટે ત્યાગની ભાવના, તૃષ્ણાને લોભથી હટી જવાની ભાવના હોવી જોઈએ. ધોમ ધખતા રણમાં જેમ મૃગજળનો ભાસ થાય છે અને તૃષાતુર માનવીને ઠેર ઠેર પાણીના જથ્થા ભરેલા ભાસ થાય છે. પણ તરસ મટાડવાની દોડમાં તે નથી પાણી પામી શકતો નથી તૃપ્તિ પામી શકતો. દોડી દોડીને બેહાલ થઈને પોતાની પડતી નોતરે છે.

ધનની આવક થાય તે સાથો સાથ મનની શાંતિ અને તનની સુખાકારી મળે તો જ સાચું સુખ મળ્યું કહેવાય, માત્ર ધનથી કંઈ બધું ખરીદી શકાતું નથી. તિજોરી ઠાંસોઠાંસ ભરી પડેલી હોય અને મનમાં જંપ ન હોય, તનમાં યાતના, પીડા હોય તો આનંદ ક્યાં મળવાનો ? માત્ર ધનની કામના કરવાથી કંઈ વળવાનું નથી. બીજાના જીવનમાં ડોકીયું કરવાથી કંઈ વળવાનું નથી. અન્ય શું કરે છે, કઈ રીતે જીવે છે. કોની સાથે કઈ જાતના સંબંધ રાખે છે એ ચંચુપાત ભર્યો સ્વભાવથી મનને જંપ થવાનો નથી. ધનની જેટલી કામના કરીએ એટલી મન અને તનની કાળજી પણ કરીએ તો જીવન સપ્રમાણ ભાવ અનુભવે. આનંદ અને સંતોષ કેળવાથી સુખ આપો આપ મળવાનો છે. ધનના ઢગલો ઢગલા ભેગા કરવાથી કંઈ સુખ ભાવ મળવાનો નથી. શ્રધ્ધા, સમતા અને સાંનિધ્યની કામનાથી જીવનનું કલ્યાણ પામી શકાય છે. લોભ અને તૃષ્ણાનો ત્યાગ જ કલ્યાણક જીવનનો સાચો મારગ છે. લાલચ, લાલસા અને લોભને ક્યારે થોભ મળવાનો નથી. એવી લાગણીઓ પર લગામ લગાવી ને જ સુખી થઈ શકાય.

– જય જ્ઞાતિમૈયા

# શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ સંઘ (મહાજન) રાયપુર દ્વારા સત્કાર સમારંભ યોજાયો









સવંત ૨૦૭૫ અને ૨૦૭૬ની શરૂઆત ક.દ.ઓ. જૈન મહાજન જ્ઞાતિ રાયપુરના ઈતિહાસમાં સ્વર્ણ અક્ષરે લખાયું.

સં.૨૦૭૫માં અચલગચ્છાધિપતિ આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.એ સંઘની વિનંતીને માન આપી પ.પૂ. ડૉ.જયદશિતિશ્રીજી મ.સા. અને હિમાંશુશ્રીજી મ.સા. તે પુનઃપ્રતિષ્ઠા, પંચાન્હિકા મહોત્સવ માટે મંજૂરી આપી. જેથી મહોત્સવમાં ચાર ચાંદ લાગી ગયા. ચતુર્વિધ સંઘની હાજરીમાં પંચાન્હિકા મહોત્સવ ખૂબજ ધર્મમય વાતાવરણમાં ઉલ્લાસપૂર્વક પૂર્ણ થયેલ. પૂ.આચાર્ય ભગવંતે રાયપુર ચાતુર્માસ માટે પણ ડૉ.પ.પૂ.જયદર્શિતાશ્રીજી મ.સા. અને પૂ.હિમાંશુશ્રીજી મ.સા.ને આદેશ આપેલ. તેથી સંઘમાં ખૂબ ઉલ્લાસપૂર્વક વાતાવરણ થયેલ હર્ષ થયેલ.

ચાતુર્માસ ખૂબજ ધર્મમય વાતાવરણમાં પૂર્ણ થયેલ. પૂ.ગુરૂવર્યાશ્રી છત્તીસગઢના ધમતરી, ભારાપારા ભિલાઈ વિ.ક્ષેત્રમાં પણ સ્પર્શના કરેલ. માતુશ્રી રતનબાઈ રાયશી મોતા પરિવાર હસ્તે માતુશ્રી ગુણવંતીબેન ખીમજી મૈશેરી પરિવાર દ્વારા સ્વ. દ્રવ્યથી નિર્મિત શ્રી રતનગુણ ઉત્તમ વાસૂપૂજ્ય ગૃહચૈત્યાલયની પ્રતિષ્ઠા ત્રિન્હાનિકા મહોત્સવ પ.પૂ.ગુરૂવર્યાશ્રીની પ્રેરણાથી એમની નિશ્રામાં થયેલ. રાયપુરનું પ્રથમ ધ્વજદંડ ગૃહ ચૈત્યાલય છે. પરિવારની રાયપુર મહાજન ખૂબ ખૂબ અનુમોદના કરે છે.

એજ રીતે સંવત ૨૦૭૬ની શરૂઆતમાં ક.દ.ઓ. રાયપુરના ૧૨૫ વરસના ઈતિહાસમાં પ્રથમ દિક્ષા માતુશ્રી ભિમલતાબેન પાનાચંદ લોડાયા (તેરા,રાયપુર) સૌ પ્રભાબેન મહેન્દ્ર લોડાયાની પુત્રી-મુમુક્ષા મોનિકાબેન હવે પ.પૂ.માર્ગદર્શિતાશ્રીજીના નામે પ્રચલિત/પરિચિત છે. એમના ગુરૂ પ.પૂ.મહાપ્રજ્ઞાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪ રાયપુરના ઈતિહાસમાં અચલગચ્છના પ્રથમ સાધ્વીજી ભગવંત હતા. જેઓ રાયપુર સન ૧૯૯૩માં પધાર્યા હતા. એજ પછી જ રાયપુરમાં શ્રી કુંથુનાથ જીનાલય અને ભવન માટે જગ્યા લેવાઈ.

પંચાન્હિકા મહોત્સવ અવસરે જ્ઞાતિના સ્તંભ અને શ્રી કુંથુનાથ જિનાલયના સ્વપ્ન દૃષ્ટ વડીલ અને શ્રી ક.દ.ઓ.જ્ઞાતિ ગૌરવ રતિલાલ કેશવજી શિયાડ, જખૌ-રાયપુરને આ અવસરે મરણોપરાંત જ્ઞાતિએ મહોત્સવ દરમ્યાન શ્રી છત્તીસગઢ કચ્છ ગૌરવના અભિનંદન પત્ર સાથે એમના પરિવારને ચતુર્વિધ સંઘ સામે અર્પણ કરેલ.

એમના અમી આશીર્વાદ જ્ઞાતિને સદા મળતા રહે એવી આશા સાથે... ક.દ.ઓ.જૈન જ્ઞાતિ રાયપુર માટે આ સ્વર્ણિમ અવસર હતો. જિનાલય દર્શન માટે સકળ સંઘને આમંત્રણ છે.

# એકજ માસમાં બે જીવ બચાવ્યા



ભુજ શહેરના મહેરઅલી ચોકના પીઠાવાળી શેરીમાં એકબંધ લાકડાની કેબીન ઉપર સિમેન્ટના પતરા વચ્ચે કોઈક અજાણી વ્યક્તિ ૮ થી ૧૦ દિવસ પહેલા જન્મેલું બાળક (બાબો-પુત્ર) મૂકી ગયેલ. જાગૃત નાગરિકોએ માનવજ્યોતના પ્રબોધ મુનવરને જાણ કરતાં, તેઓ તુરંત જ બનાવ સ્થળે પહોંચી જઈ બાળકને ઉપાડી જનરલ હોસ્પિટલે પહોંચાડતા બાળક બચી જવા પામેલ. પ્રબોધ મુનવરે બાળકને ત્યજનાર અજાણી મહિલા સામે પોલીસ ફરિયાદ દર્જ કરાવી હતી.

ભુજથી પાલારા જતા સનનદાદા માર્ગ ઉપર એક ગરમસાલ કાંટાળી જાળ ઉપર જોઈ અહીંથી પસાર થઈ રહેલા માનવજ્યોતના પ્રબોધ મુનવરને એવો વિચાર આવ્યો કે, આ ગરમસાલ કોઈક ગરીબને આ ઠંડીમાં ઓઢવા કામલાગી જશે. ગાડીમાંથી ઉતરી શાલ ઉપાડવા જતાં નીચે કંટાળી જાળીમાં રડતી બાળકી જોઈ એના ઉપરથી કાંટાળી જાળી તથા ચાદરો હટાવી બહારે કાઢી પોલીસ તંત્રને જાણ કરતાં બંને ડિવિઝનોના પી.આઈ.ઘટના સ્થળે દોડી ગયા હતા. મુનવરે બેબીને હોસ્પિટલે પહોંચાડતાં બેબી બચી જવા પામી હતી. અજાણી મહિલા વિરૂધ્ધ મુનવરે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

પ્રબોધ મુનવરને અત્યાર સુધીમાં તાજા જન્મેલા અને કાંટાળી જાળી અથવા પુલીયા નીચે ફેંકી દેવાયેલા ૨૫ બાળકો-બાળકી મળી આવ્યા હતા. જેમાંથી ૧૨ મૃત હાલતમાં મળ્યા હતા. જ્યારે ૧૩ ને સમયસર સારી સારવાર મળતાં બચી જવા પામેલ. આવા બાળકોને પોલીસ કાર્યવાહી બાદ અનાથ મહિલાઓનું ભુજમાં જે આશ્રમ છે 'કચ્છ મહિલા કલ્યાણ કેન્દ્ર', મધ્યે મોકલવામાં આવે છે. ત્યાં અનાથ મહિલાઓ તેમની દેખરેખ સાર-સંભાળ રાખે છે. ત્યારબાદ દતક આપવાની કાર્યવાહી પણ 'કચ્છ મહિલા કલ્યાણ કેન્દ્ર', સ્થળેથી થાય છે. ૧૩માંથી ૭ બાળકો-બાળકીઓ વિદેશી કપલોએ દત્તક લઈ વિદેશ લઈ ગયા છે અને તેઓ વિદેશની ધરતી ઉપર ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી રહ્યા છે. જ્યારે જ્યારે આવા તાજા જન્મેલા બાળકો-બાલકીઓ મળી આવે છે. ત્યારે ૧૦૦ જેટલા પરિવારો તેમને દત્તક લેવા ઈચ્છા વ્યક્ત કરે છે. કોઈક ત્યજવાવાળું છે તો હજાર હાથ વાળો ઉપરવાળો ઝીલવાવાળો પણ છે. કચ્છ જિલ્લા પોલીસ તંત્ર અને વહીવટી તંત્રે માનવતાના આ કાર્યની પ્રશંસા કરી હતી.

# શ્રી ભલારાદાદાની ૩૨મી સમૂહપેડીનું મુલુંડમાં આયોજન

શ્રી ભલારાદાદા ટ્રસ્ટ ૩૨મી સામૂહિક પેડીનું આયોજન તા.૨૫ માર્ચ ૨૦૨૦ બુધવારના મહાકવિ કાલીદાસ ઓપન ગ્રાઉન્ડ, પી.કે.રોડ, મુલુંડ (વેસ્ટ)માં બપોરે ૪ કલાકથી આયોજિત કરાઈ છે.

દાદાને પેડી ચડાવવાનું સમય બપોરે ૪ કલાકે તથા દાદાજીના સમૂહ આરતી સાંજે ૫.૪૫ કલાકે.

આ પ્રસંગ સૌ ભક્તો પરિવાર સાથે દર્શન અને પ્રસાદનો લાભ લેવા શ્રી ભલારાદાદા ટ્રસ્ટ વતી આમંત્રણ છે.

# લાલપુર સ્થાનકે શ્રી ભલારાદાદા મંદિરે ધ્વજા મહોત્સવ

હાલાર પ્રદેશના પવિત્ર ધર્મ સ્થાન ભૂમિ લાલપુર મધ્યે શ્રી ભલારાદાદાના મંદિરે ત્રણ દિવસીય ધ્વજા મહોત્સવનું આયોજન ચૈત્ર સુદ-તેરસ ચૌદસ અને પુનમ તા.૬ એપ્રિલથી તા. ૮ એપ્રિલ સોમવારથી બુધવાર સુધી આયોજન કરાયું છે. તા.૮ એપ્રિલ બુધવારના સવારે ૮ કલાકથી ધ્વજારોહણ વિધિ થશે.

સર્વે ભાવિકો આ હાર્દિક નિમંત્રણ સ્વીકારી ઉપસ્થિત રહી લાભ લે.

# શ્રી કચ્છી દશા ઓસવાળ જૈન સમાજની શાનદાર જીત સાથે મિડ-ડે કપમાં એન્ટ્રી



ગ્રુપ એની આ પ્રથમ લીગ મેચમાં ભટ્ટ મેવાડા બ્રાહ્મણ સામે ટુર્નામેન્ટમાં પ્રથમ વાર રમી રહેલી કચ્છી દશા ઓસવાળ જૈન ટીમના કેપ્ટન જિગર નાગડાએ ટૉસ જીતીને પ્રથમ ફીલ્ડિંગ કરવાનો નિર્ણય લીધો હતો. ભટ્ટ મેવાડા બ્રાહ્મણ ટીમે ત્રીજા જ બૉલે ઓપનર નિશિત જોષીની રનઆઉટના રૂપમાં વિકેટ ગુમાવતાં ઝટકો લાગ્યો હતો. કચ્છી દશા ઓસવાળ જૈનના રોમિલ લોડાયાએ અફલાતૂન ડાયરેક્ટ થ્રો દ્વારા નિશિત જોષીને પેવિલિયન પાછા મોકલી દીધા હતા. ભટ્ટ મેવાડા બ્રાહ્મણ ટીમને બીજી ઓવરમાં વધુ બે અને ત્રીજી ઓવરમાં એક ઝટકો લાગતાં ટીમ ફસડાઈ પડી હતી. ચાર ઓવરને અંતે સ્કોર ૪ વિકેટે ૩૩ રન થયો હતો. જોકે દુકાળમાં અધિક માસની જેમ પાંચમી અને પાવર ઓવરમાં છેલ્લા બે બૉલે બે વિકેટ ગુમાવતાં ૨૦ રન તેમના સ્કોરમાંથી માઈનસ થઈ જતાં પાંચમી ઓવરને અંતે તેમનો સ્કોર ૬ વિકેટે ૩૧ રન થઈ ગયો હતો. ધૈર્ય જોષી ૧૬ બૉલમાં બે સિક્સર અને બે ફોર અને હિરેન જોષી ૭ બૉલમાં બે ફોર સાથે ૧૧ રન બનાવીને વહારે આવતા ટીમ ૧૦ ઓવરમાં ૮ વિકેટે ૭૧ રનના સન્માજનક સ્કોષર સુધી પહોંચી શકી હતી.




**ટૂંકો સ્કોર**

**ભટ્ટ મેવાડા બ્રાહ્મણ :** ૧૦ ઓવરમાં ૮ વિકેટે ૭૧ રન (ધૈર્ય જોષી ૧૬ બૉલમાં બે સિક્સર અને બે ફોર સાથે અણનમ ૨૩, ચિરાગ જોષી ૬ બૉલમાં ૩ ફોર સાથે ૧૩ અને હિરેન જોષી ૭ બૉલમાં બે ફોર સાથે ૧૧ રન, વિનિત નાગડા ૧૩ રનમાં ૩, ગીત મોમાયા ૭ રનમાં બે અને ચિરાગ મોમાયા ૨૦ રનમાં એક વિકેટ)

**કચ્છી દશા ઓસવાળ જૈન :** ૫.૩ ઓવરમાં વિના વિકેટે ૭૪ રન (ચિરાગ મોમાયા ૧૭ બૉલમાં ૮ ફોર સાથે અણનમ ૩૬ અને મનીષ મૈશેરી ૧૭ બૉલમાં ૪ ફોર સાથે અણનમ ૨૪ રન)

કચ્છી દશા ઓસવાળ જૈન વતી વિનિત નાગડાએ બે ઓવરમાં ૧૩ રન આપી ૩ વિકેટ તથા ગીત મોમાયાએ ૭ રનમાં બે વિકેટ સાથે અસરકારક બોલિંગ કરી હતી. ૭૨ રનના ટાર્ગેટ સામે કચ્છી દશા ઓસવાળ જૈનના ઓપનરો મનીષ મૈશેરી (અણનમ ૨૪) અને ચિરાગ મોમાયા (અણનમ ૩૬) એ તેમનો ટચ બતાવતાં પરફેટ ક્રિકેટિંગ શૉટ સાથે ટીમને ૫.૩ ઓવરમાં જ વિજય અપાવીને મિડ-ડે કપમાં ૧૦ વિકેટે શાનદાર જીત સાથે શુભ શરૂઆત કરાવી હતી. ૧૩ રનમાં ૩ વિકેટ સાથે ભટ્ટ મેવાડા બ્રાહ્મણ ટીમની બેટિંગની કમર તોડી નાખનાર કચ્છી દશા ઓસવાળ જૈનના વિનિત નાગડાને મૅન ઑફ ધ મૅચ જાહેર કરવામાં આવ્યો હતો.

# બીજી મેચમાં કચ્છી કડવા પાટીદાર સામે
# કચ્છી દશા ઓસવાળ જૈનનો ૭૨ રનથી પરાજય

ગ્રુપ 'એ'માં રમાયેલી મિડ-ડે કપની બીજી મેચમાં કચ્છી કડવા પાટીદાર અને કચ્છી દશા ઓસવાળ જૈન આમને-સામને હતી. કચ્છી કડવા પાટીદાર છેલ્લી ત્રણ સીઝનથી મિડ-ડે કપની ટાઈટલ વિનર રહી છે, જ્યારે કચ્છી દશા ઓસવાળ જૈન પહેલી વાર મિડ-ડે કપમાં રમી રહી છે. કચ્છી દશા ઓસવાળ જૈનના કેપ્ટન જિગર નાગડાએ ટોસ જીતીને પહેલા ફિલ્ડીંગ કરવાનો નિર્ણય લીધો અને કચ્છી કડવા પાટીદારે સિક્સર સાથે ઈનિંગની શરૂઆત કરી હતી અને સિક્સર મારીને ટીમનો સ્કોર ૧૦૦ રનને પાર પહોંચાડયો હતો. વન-ડાઉન બેટ્સમેન વેદાંશ ધોળુએ ૨૪ બોલમાં ૭ ફોર અને બે સિક્સર સાથે અણનમ ૫૩ રન બાવ્યા હતા. છેલ્લી ઓવરમાં તેણે ૩૧ રન ટીમના સ્કોરમાં જોડયા હતા. અલ્પેશ રામજિયાણીએ ૧૯ બોલમાં ચાર ફોર અને ત્રણ સિક્સર વડે ૪૫ રન કર્યા હતા.

કચ્છી કડવા પાટીદારની બીજી ઓવર નાખવા આવેલો અલ્પેશ રામજિયાણી ખૂબ મોંઘો પુરવાર થયો હતો અને બીજી ઓવરના પાવર-પ્લેમાં તેણે ૨૩ રન આપ્યા હતા. મોટા શોટ મારવાના ચક્કરમાં કચ્છી દશા ઓસવાળ જૈનના ઓપનર મનીષ મૈશેરી ૧૦ રને કેચઆઉટ થયો હતો. ત્રીજી ઓવરમાં ભાવિક ભગતો બે વિકેટ લઈને ટીમનું ટેન્શન હળવું કર્યું હતું અને એ ઓવરમાં માત્ર એક રન આપ્યો હતો. પાંચમી ઓવરમાં પણ ભાવિક ભગતે પાંચ રન આપીને એક વિકેટ લીધી હતી. નવમી ઓવર નાખવા આવેલા કિસન પારસિયાએ બે પ્લેયરને ક્લીન બોલ્ડ કર્યા હતા. કચ્છી કડવા પાટીદારે ૭૨ રનથી મેચ જીતીને ટુર્નામેન્ટમાં પોતાની શુભ શરૂઆત કરી હતી. ૨૪ રનમાં અણનમ ૫૩ રન અને એક વિકેટ સાથેના ઓલરાઉન્ડ પર્ફોમન્સ બદલ કચ્છી કડવા પાટીદારનો વેદાંશ ધોળુ મેન ઓફ ધ મેચ જાહેર થયો હતો.

**કચ્છી દશા ઓસવાળ ટીમ**


જીગર દિલીપ નાગડા
કેપ્ટન
બેટ્સમેન


વિનીત નાગડા
વાઈસ કેપ્ટન
ઓલ રાઉન્ડર


ભાવિક શાહ
વિકેટકીપર
બેટ્સમેન


મીત નાગડા
ઓલ રાઉન્ડર


રોમીલ લોડાયા
ઓલ રાઉન્ડર


વંદિત લાપસીયા
ઓલ રાઉન્ડર


ચિરાગ મોમાયા
ઓલ રાઉન્ડર


ગીત મોમાયા
ઓલ રાઉન્ડર


સ્મિત અજાણી
ઓલ રાઉન્ડર


મનિષ મૈશેરી
બેટ્સમેન


લય ધરમશી
ઓલ રાઉન્ડર


માનવ લોડાયા
ઓલ રાઉન્ડર

**ટૂંકો સ્કોર**

**કચ્છી કડવા પાટીદાર :** ૧૦ ઓવરમાં ત્રણ વિકેટે ૧૩૬ રન (વેદાંશ ધોળુ ૨૪ બોલમાં બે સિક્સર અને સાત ફોર સાથે અણનમ ૫૩ રન, અલ્પેશ રામજિયાણી ૧૯ બોલમાં ત્રણ સિક્સર અને ચાર ફોર સાથે ૪૫ રન, ચિરાગ મોમાયા ૨૫ રને બે વિકેટ અને મીત નાગડા ૪૧ રને એક વિકેટ)

**કચ્છી દશા ઓસવાળ જૈન :** ૧૦ ઓવરમાં ૮ વિકેટે ૬૪ રન (ભાવિક શાહ ૧૪ બોલમાં એક ફોર સાથે ૧૩ રન, મીત નાગડા ૧૪ બોલમાં ૧૩ રન અને ચિરાગ મોમાયા છ બોલમાં ત્રણ ફોર સાથે ૧૨ રન, ભાવિક ભગત છ રનમાં ૩ વિકેટ, કિશન પારસિયા ૧૧ રને બે વિકેટ અને વેદાંશ ધોળુ ૧૨ રનમાં એક વિકેટ).

# દાતાની ધન્ય ઉદારતાનો લાભ મળ્યો ૮૫ વર્ષીય દાદીને

માતુશ્રી ચંદનબાઈ ડી. છેડા ઉ.વ.૮૫ નલિયા હાલે પુત્ર અને પરિવાર સાથે ગદગ રહે છે. અચાનક પડી જવાથી અસ્થિ ભંગ થવાને લીધે કસ્તુરબા હોસ્પિટલ ગદગમાં દાખલ કરાયા. ઓંચિતાના ઓપરેશનથી રૂા.૮૫ હજારની જરૂર હતી.

સામાન્ય સ્થિતિ હોવાને લીધે આ આસ્મિક ખર્ચ તેમના પરિવાર માટે અઢળક હતું. સમસ્ત મહાજન શ્રીની મેડિકલ કમિટી સંજીવની દ્વારા કેસ નં.૧૬ તરીકે તેમની નોંધ કરી ડોનેશન માટે અપીલ કરાઈ.

ઉદારદિલના તરૂણ રતનશી લોડાયા ઉજ્જૈન દ્વારા તત્કાળ રીતે આ કેસ માટે આગળ આવી ચુકતે જોઈતી રકમ ભરી આપવા માટે સહમતિ આપી. આમ સંજીવની યોજના જ્ઞાતિજનો માટે સંજીવની જડીબુટ્ટી જેવું ઉપયોગી, આધારભૂત અને સહાયભૂત છે.

# કેડીઓ જૈન સંઘ ભાંડુપ એ છગાઉ જાત્રાનો લાભ લીધો




ફાગણ સુદ તેરસ તિથિ તા.૭ માર્ચ ૨૦૨૦ શનિવારે સવારના દાદાના દરબારે ચતુર્વિધ સંઘની હાજરીમાં પ.પૂ.મુનિશ્રી તીર્થરત્નસાગરજી મ.સા. અને પ.પૂ.સાધ્વીશ્રી જિનેન્દ્રગુણાશ્રીજી મ.સા. આદિઠાણાની પાવન ભરી નિશ્રામાં ૨૫મા તીર્થંકરની છ ગાઉ જાત્રા કરી ભાંડુપ સંઘ વાસીઓએ અનંત લાભ લીધો. સકળ સંઘના શ્રાવક-શ્રાવિકાઓને જાત્રા-સુજાત્રા સાથે કેડીઓ જૈન ભાંડુપની અઢળક અનુમોદના.




**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# બે નૂતન દીક્ષાર્થીના સંયમી નામ અપાયા







મુંબઈ પરિસરના પડોશી થાણા નગરમાં તા. ૨૯ ફેબ્રુઆરી શનિવારથી તા. ૪ માર્ચ બુધવાર સુધીના પંચ દિવસીય વૈરાગ્ય વિજયોત્સમાં તા. ૪ માર્ચ બુધવારે ૧૩ વર્ષીય બાળ દીક્ષાર્થી રિદ્ધિકુમારી મહેન્દ્રભાઈ ફુરીયા મેરાઉ થાણા દીક્ષા ગ્રહણ કરી વૈરાગ્ય માર્ગ ગ્રહણ કર્યો. નૂતન દીક્ષાર્થીનું સંયમી નામો પ.પૂ.શ્રી.રીખવગુણાશ્રીજી મ.સા. થયેલ. તેઓશ્રી પ.પૂ.સા.શ્રી ભાવાગુણાશ્રીજી મ.સા.ના શિષ્ય જાહેર થયા. અન્ય નૂતન દીક્ષાર્થી ૨૧ વર્ષીય પ્રિયલબેન યોગેશભાઈ ગોસર ગઢશીશા-મુલુંડનું સંયમી નામ પ.પૂ.સા.શ્રી પ્રાતિહાર્ય ગુણાશ્રીજી મ.સા. થયેલ. તેઓ પ.પૂ.સા.શ્રી. હ્રીંકારગુણાશ્રીજી મ.સા.ના શિષ્યા જાહેર થયા.











# ક.દ.ઓ.જૈન જ્ઞાતિના ૩૦મા સમૂહલગ્નમાં ૪ યુગલો લગ્નગ્રંથીથી જોડાયા

## સમૂહલગ્નો સમાજને નવી દિશા આપે છે : સાંસદ શ્રી વિનોદભાઈ ચાવડા



શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન કચ્છ એકમ પ્રેરિત શ્રી ક.દ.ઓ.જૈન સમૂહલગ્ન ટ્રસ્ટ આયોજીત કચ્છી દશા ઓશવાળ જ્ઞાતિના, લીલાશા કુટિયા આદિપુર મધ્યે યોજાયેલ ૩૦માં સમૂહલગ્નોત્સવમા ૪ નવયુગલોએ પ્રભુતામાં પગલા માંડ્યા હતા.

સમૂહલગ્નના મુખ્ય દાતા માતુશ્રી સંઘમાતા દમયંતીબેન કુંવરજી લોડાયા પરિવાર સાંયરા-ઉજ્જૈન પરિવાર, સમૂહલગ્નના સહયોગી દાતા સોમચંદભાઈ ધારશી નાગડા પરિવાર નલિયા-ગાંધીધામ, જ્યારે કન્યાદાનના મુખ્ય દાતા માતુશ્રી નિર્મલાબેન પદમશી લાલકા વારાપધ્ધર-આદિપુર રહ્યા હતા. કન્યાદાનના સહયોગી દાતાશ્રી તથા શુભેચ્છક દાતાશ્રીનો લાભ વિવિધ દાતાશ્રી પરિવારોએ લીધેલ. બપોરે પધારેલા જાનૈયા-માનૈયાઓ વર-કન્યા પક્ષોનું વાજતે ગાજતે સ્વાગત કરવામાં આવેલ. સાંજે ધણીબાવા તથા ભલારાદાદાના પાઠ યોજાયા હતા. રાત્રે કચ્છી ઢોલ-શરણાઈ બેન્જોનાં સંગીતસૂરો વચ્ચે ભવ્યાતિભવ્ય સમૂહ દાંડિયારાસ યોજાયા હતા. સૌ રાસ-ગરબા-દાંડીયારાસમાં નાચી ઝૂમી ઉઠ્યા હતા.

બીજા દિવસે સવારે કન્યાદાનએ મહાદાન સાબિત કરતા 'કન્યાદાન પ્રદર્શન'નું ઉદ્‌ઘાટન શેઠ શ્રી તરૂણભાઈ રતનશી લોડાયાના વરદ્ હસ્તે કરવામાં આવેલ. વર-કન્યાઓને વિવિધ વસ્તુઓ સંસ્થા દ્વારા આપવામાં આવેલ. સૌએ કન્યાદાનની ઉપયોગી વસ્તુઓ નજરે નિહાળી આનંદ વ્યક્ત કર્યો હતો. વરરાજાઓનો વરઘોડો વાજતે-ગાજતે નીકળ્યો હતો. જેમાં સમાજવાસીઓ બહોળી સંખ્યામાં જોડાયા હતા. વરરાજા લગ્ન મંડપે પહોંચતાં જ હસ્તે મેળાપની વિધિ થઈ હતી.

બપોરે અભિવાદન સમારોહનું અધ્યક્ષ પદ મુખ્ય દાતાશ્રી તરૂણભાઈ લોડાયાએ જ્યારે અતિથિ વિશેષ પદ સાંસદ વિનોદભાઈ ચાવડા, ગાંધીધામ નગરપાલિકાના અધ્યક્ષ કાનજીભાઈ ભર્યા, ગાંધીધામ શહેર ભાજપ પ્રમુખ પુનિતભાઈ દૂધરેજા, પદમશીભાઈ લાલકા, અનીલભાઈ નાગડા, મુંબઈ મહાજન પ્રમુખ કલ્પેશભાઈ મોતા, મધુકાન્તભાઈ શાહે શોભાવેલ.

કચ્છ એકમ સંસ્થાના પ્રમુખ મહેશભાઈ લાલકાએ સ્વાગત પ્રવચન કરી મહેમાનોને મીઠડો આવકાર આપી સમૂહલગ્નના સર્વે દાતાશ્રીઓની અંતરની ભાવનાઓને બિરદાવી હતી. સંસ્થાના મંત્રી લહેરચંદભાઈ ખોનાએ પ્રસંગ પરિચય આપતા કચ્છ એકમ સંસ્થાની કચ્છમાં ચાલી રહેલી પ્રવૃત્તિઓની માહિતી આપી હતી.

કાનજીભાઈ ભર્યા, પદમશીભાઈ લાલકા, અરવિંદ લોડાયા, મધુકાન્ત શાહે પ્રાસંગિક ઉદ્‌બોધનો કરી સંસ્થાની પ્રવૃત્તિઓને બિરદાવી નવદંપતિઓને આશિર્વાદ પાઠવ્યા હતા. સમૂહલગ્નના મુખ્ય દાતાશ્રી તરૂણભાઈ લોડાયાએ કચ્છ એકમ સંસ્થાના કાર્યો અને સુંદર આયોજનની પ્રશંસા કરી નવયુગલોને શુભેચ્છાઓ પાઠવી હતી.

કચ્છના સાંસદ વિનોદભાઈ ચાવડાએ પ્રસંગ અનુરૂપ વક્તવ્ય આપતાં જણાવ્યું હતુ કે, આજના યુગમાં સમૂહલગ્નનો અતિ જરૂરી બન્યા છે ત્યારે સંસ્થાના આવા સુંદર આયોજન સમાજને નવી દિશા આપે છે. નવદંપતિઓ સંસારિક જીવનની શરૂઆત કરવા જઈ રહ્યા છે, ત્યારે તેમનું દાંપત્યજીવન સુખરૂપ બની રહે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.

મંચસ્થ મહાનુભાવો, દાતાશ્રી પરિવારોનું સન્માન કરી મોમેન્ટો અર્પણ કરવામાં આવેલ. અંતમાં કન્યા વિદાય કાર્યક્રમમાં વર-કન્યા પક્ષના વડીલોએ એક-બીજાને ભેટી લગ્નપ્રસંગની ખુશી વ્યક્ત કરી હતી.

કાર્યક્રમનું સંચાલન પ્રબોધ મુનવરે જ્યારે આભાર દર્શન લહેરચંદ એ. ખોનાએ કરેલ. વ્યવસ્થામાં ક.દ.ઓ.જૈન મહાજન ગાંધીધામ, સાર્થક મંડળ, એકતા મહિલા મંડળ તથા કચ્છ એકમ સંસ્થાના સર્વે કાર્યકરોએ સહકાર આપ્યો હતો.

# જ્ઞાતિની ટેલેન્ટેડ મહિલા ક્રિકેટર પલક ધરમશી સચિન તેંડુલકરને મળી

જ્ઞાતિની પ્રતિભાશાળી મહિલા ક્રિકેટર પલક પ્રતિક ધરમશી હાલમાં મુંબઈ ક્રિકેટ એસોશિયેશનમાં ટ્રેનિંગ સેશન લઈ રહી ત્યારે તેની દેશના લેજન્ડ ક્રિકેટર સચીન તેંડુલકર સાથે મુલાકાત થઈ હતી. આ યાદગાર મોમેન્ટ ત્યાં હાજર યુવા ક્રિકેટરો માટે અવિસ્મરણીય પળ જેવો રહ્યો હતો. સચીન સરએ સૌને તેમની ભવિષ્યની ઉજ્જ્વળ કારકિર્દી માટે શુભેચ્છા આપી હતી.



# શ્રી ક.દ.ઓ મુંબઈ મહાજનની ટર્મ માટે પદાધિકારીઓ વરાયા





શ્રી કચ્છી દશા ઓસવાળ મુંબઈ મહાજનના ટર્મ વર્ષ ૨૦૨૦ થી વર્ષ ૨૦૨૫ માટે કારોબારી પદાધિકારીઓ વરાયા. જેમાં પ્રમુખ તરીકે નયન ભેદા, પ્રથમ ઉપપ્રમુખ પદેશ્રી કુમારભાઈ દંડ દ્વિતીય ઉપપ્રમુખ તરીકે વીરેન્દ્ર લોડાયા, સેક્રેટરી પદે ચેતનભાઈ, સહસચિવ પદે રાજુલબેન ભદ્રેશ પટેલ તથા ખજાનચી તરીકે રાજેશ છેડાની વરણી કરાઈ. નવા વરાયેલા મુંબઈ મહાજનના હોદેદારોનું ઉમળકા ભેર સ્વાગત કરી આવકાર અપાયો.





# શ્રી સમસ્ત મહાજન આયોજીત અંગદાન વિશે પ્રેરક નાટક 'મહાદાન'ની રજૂઆત




તા.૩ એપ્રિલ ૨૦૨૦ શુક્રવાર રાતે ૮ કલાકે મહાકવિ કાલિદાસ નાટ્યમંદિર મુલુંડ (પશ્ચિમ) સ્થળે સાંપ્રત સમયના અનોખા અને ઉત્તમ દાન અંગદાન વિશે સમજણ આપતું નાટક 'મહાદાન' નાટકની ભજવણી થશે.

રક્તદાન, ચક્ષુદાનથી ઉપર મહાદાન લેખાતા ઓર્ગન ડોનેશન અંગદાનનો મહિમા વર્ણવતુ, સમજાવતું, સમાજ જાગૃતિ આપતું નાટક 'મહાદાન' એક નવી દ્રષ્ટિ બતાવનારું છે. થાણાના કચ્છી વાગડ સમાજના વ્યવસાયિક ડોક્ટરો દ્વારા અભિનીત આ નાટકના દિગ્દર્શક વસંત મારૂ અને સૂત્રધાર ડૉ. વૈશાલી બોરીચા છે. નાટકના પાસ રૂા.બે હજારની ડોનેશન રકમ દ્વારા પ્રાપ્ત થઈ શકશે. એકત્રિત થનાર ભંડોળનો ઉપયોગ જરૂરિયાતમંદ જ્ઞાતિજનોની સારવાર માટે વપરાશે.


## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

## મેડિકલ સમિતિ

KDO

KDO SANJIVANI

પરોપકારનો અર્થ છે બીજાઓની ભલાઈ કરે.
મનુષ્યનો ધર્મ છે કે તે નાત જાત, પારકા પરાયા ના જોવે અને બીજાનું ભલુ કરે.
બીજાઓ માટે વ્યક્તિ કેટલુ જીવીઓ એનાથી તેના જીવનની શ્રેષ્ઠતાનો ખ્યાલ આવે છે.
અન્યોની મદદ માટે કરેલા પ્રયત્નોથી જ વ્યક્તિની દિવ્યતા પ્રગટ થાય છે.
આ વાત ને સાર્થક કરી રહેલ જ્ઞાતી ના મહાનુભવો ...



**માતુશ્રી વેલબાઇ દેવજી ખોના**
કચ્છ-આરીખાણા, અમદાવાદ
હસ્તે
અ.સૌ. વિજ્યાબેન મહેન્દ્ર ખોના
અ.સૌ. શશીકલાબેન જીતેન્દ્ર ખોના
અ.સૌ. સ્મિતાબેન રાજેન્દ્ર ખોના (લંડન)

## સંજીવની સુવર્ણ પેટ્રોન

## Rs. 50,000/-

KDO દિવ્યાંગ

કચ્છીઓ દિવ્યાંગ પાલક

# શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

**"આવો એક થઈએ સમાજ આગળ ધપાવીએ"**

દિવ્યાંગોને સાચી રીતે જ શારીરિક તથા માનસિક પડકાર ઝીલનાર કહેવાયા છે.
નિયતી અને ઈશ્વરે આપેલા આ પડકારને તેઓ હસતા મુખે ઝીલી શકે તેવા પ્રયત્નો કરવાએ
ઈશ્વરની આરાધના સમાન છે. આ દિવ્યાંગો પ્રત્યે માત્ર સહાનુભૂતિ દર્શાવવાની નહીં,
પરંતુ તેઓ સામાન્ય માનવીઓની જેમ જ સર્વાંગી વિકાસ સાધી શકે તેની
પ્રત્યેક પ્રગતિશીલ સમાજની જવાબદારી છે.

## આ પડકાર ઝીલનાર પ્રથમ મહાજન

**શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિ મહાજન, અમદાવાદ**
**શ્રીમતી રશ્મીબેન ગુલાબચંદ નાગડા**

## દિવ્યાંગ પાલક

એક દિવ્યાંગ એક વર્ષ માટે દત્તક

Rs.4000 x 12 Month

## WELL WISHER

From America

## દિવ્યાંગ પાલક

**Rs. 50,000**

## એક જ્ઞાતીજન

શ્રી કચ્છી દશા ઓશવલ જૈન જ્ઞાતી મહાજન, અમદાવાદ.

## પ્રથમ દિવ્યાંગ મહાપાલક

**Rs. 5 Lacs**

Rs.1 Lac x 5 Years

# ચતુર્વિધ સંઘના સમૂહ વર્ષીતપ ઈક્ષુરસ પારણા મહોત્સવ આયોજન

શ્રી સંઘના ઉપક્રમે વૈશાખ સુદી ૩ અખાત્રીજના દિને તા.૨૫ એપ્રિલ ૨૦૨૦ શનિવાર રોજે અચલગચ્છીય વર્ષીતપ આરાધકોના સમૂહ ઈક્ષુરસ પારણા કે.જે.સોમૈયા ગ્રાઉન્ડ ચુનાભઠ્ઠી, મુંબઈ મધ્યે યોજાયેલ છે.

સાહિત્ય દિવાકર પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા. આદિ પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોની પાવન નિશ્રામાં ચતુર્વિધ સંઘના સમૂહ વર્ષીતપના પારણામાં જોડાવવા તપસ્વી આરાધકોના ઘણા ફોર્મ આવી ગયા છે. જેમણે હજી સુધી ફોર્મ ન ભર્યા હોય તેઓએ તા.૧૨ સુધીમાં નીચેના સ્થળોએ મળતાં ફોર્મ ભરીને આપવા નમ્ર વિનંતી.

ફોર્મ ભરી જવાના સ્થળ ૧) શ્રી સંઘ કાર્યાલય, ચીંચબંદર સમય ૧૨.૩૦ થી ૫.૩૦ ૨) શ્રી અનંતનાથજી જિનાલય, મસ્જીદ બંદર ૩) શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ જિનાલય, ઘાટકોપર (પૂર્વ) ૪) શ્રી વાસુપૂજ્ય જૈન દેરાસર, ઝવેર રોડ, મુલુંડ (પશ્ચિમ) ૫) શ્રી સુમતિનાથ જૈન દેરાસર, મુલુંડ (પૂર્વ) ૬) શ્રી સુવિધિનાથ જિનાલય, ડોંબિવલી (પૂર્વ) ૭) શ્રી મુનિસુવ્રત સ્વામી જિનાલય, વાશી-નવી મુંબઈ ૮) શ્રી મલ્લીનાથ જિનાલય, જોગેશ્વરી (પૂર્વ) ૯) શ્રી મુનિસુવ્રત સ્વામી જિનાલય, નાલાસોપારા (પૂર્વ). સર્વ તપસ્વીઓને વંદન સાથે શાતા પુછી સૌ તપસ્વીઓ શાતામાં હશો એવા ભાવ સાથે શ્રી સમૂહ વર્ષીતપ પારણા સમિતિના કન્વીનર હરખચંદ ખીમજી ગંગર દ્વારા ઉપર મુજબની સૂચના જાણકારી અપાઈ છે.

**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા


જ્ઞાતિમૈયા માં
આપની કોઈપણ મેંટર અથવા જાહેરાત મોકલો
Email Id : gyatimaiya2018@gmail.com
Email Id : mahajansamast@gmail.com
Website : www.kdosm.org
અથવા વૉટસએપ પર મોકલો
9769991922
9820302853
9322257731

VEENA NAGDA BOLLYWOOD MEHENDI QUEEN ACADEMY
મેહંદી ના ઓર્ડર પર લઈ જવા માં આવશે.
CERTIFICATE COURSE
40 Years Experience in Mehendi
All Types of Mehendi & Personality Development
- Basic
- Floral
- Cutwork
- Movie Mehendi
- Figure
- Western
- Portrait
- Etc.

Special Discount KDO



BATCH IS STARTING FROM 2ND JAN2019
For Inquiry & Admission Time : 11 am to 4 pm
Working Women's Special Batch on Sunday
OUT OF MUMBAI,INQUIRIES ALSO AVAILABLE.
Add : 52,Anant Niwas,Third floor, Bhat Bazar,N.N.Street, Masjid Bunder(W), Near Railway Station, Above E.H.kathawala
Call : 9820431717 / 9920641717
Email : veenanagda17@gmail.com
Special Discount For S.S.C
We also book bridal & party orders
www.veenabollywoodmehendi.com

## સુજાપુર સંઘમાં ૧૩૮મા ધ્વજા મહોત્સવમાં વિવિધ ધર્મ આરાધનાઓ થઈ

મોરલીયો ટહુક્યો રે, અજિતનાથ દાદાના શિખરે રે; ધ્વજા મહોત્સવ ઉજવાયો રે, સુજાપુર નગરે રે....

કચ્છ-સુજાપુર શ્રી અજિતનાથ જિનાલયે ૧૩૮મો ધ્વજા મહોત્સવ મહાસુદ ૬ને ૩૦-૧-૨૦૨૦ના મંગલમય દિને મધુર વક્તા પ.પૂ.મુનિરાજ મુક્તિરત્નસાગરજી મ.સા.ની નિશ્રામાં અને વિધિકાર શ્રી કેવલ સાવલા તથા સંગીતકાર કિશોર સાંગાર (ગુણપુરીવાળા)ના સંગાથે અઢાર અભિષેક, સત્તરભેદી પૂજા સહ વિધિવિધાન ધામધૂમથી ઉજવાયો.

ધ્વજા મહોત્સવના સંપૂર્ણ ખર્ચના લાભાર્થી માતુશ્રી વિમલાબેન લાલજી જેતશી છેડા, સુજાપુર-ગોધરા પરિવાર તથા નવકારશી/સ્વામિવાત્સલ્ય સંપૂર્ણ ગામના રહેવાસીઓને માતુશ્રી જયાબેન હીરાચંદ વસનજી શાહ, સુજાપુર-માટુંગા પરિવાર દ્વારા તેમ જ ધ્વજા રોહણનો લાભ માતુશ્રી કુંતાબેન લક્ષ્મીચંદ હીરજી લોડાયા હસ્તે મિહિર, સુજાપુર-મલાડ પરિવારે લીધેલ. મુંબઈથી ટ્રસ્ટીઓ, ગામવાસીઓ તથા શ્રી મુંબઈ મહાજનના પ્રમુખશ્રી કલ્પેશભાઈ માણેકજી મોતાની ઉપસ્થિતિએ તેમજ આમંત્રિત મહેમાનો, ગામવાસીઓ આજુબાજુના સંઘોના પ્રતિનિધિઓ સહ સંદાજે ૨૨૫ જ્ઞાતિજનો જ હાજરીમાં ઉમંગ, ઉલ્લાસભર્યા વાતાવરણે ધ્વજા મહોત્સવ ઉજવાયો.

## વર્ધમાન નગર જિનાલયનો ૧૦મો ધ્વજારોહણ મહોત્સવ થયો

કચ્છ ભુજ પાસે ભુજોડીના વર્ધમાન નગર દેરાસરનો ૧૦મો ધ્વજારોહણ મહોત્સવ રંગેચંગે યોજાયો. અત્રેના શ્રી વિમલનાથ દાદાના દેરાસર ધ્વજારોહણ મહોત્સવ પ.પૂ.આ.ભ.શ્રી વીરભદ્ર સાગરજી મ.સા.ની પાવન નિશ્રામાં વિવિધ ધર્મ આરાધના થઈ. સંઘના શ્રાવક શ્રાવિકો ઉત્સાહ ભેર મહોત્સવમાં ધન્યતાથી જોડાઈ ધર્મ લાભ પામ્યા હતા.






*Diamond manufactrers,*
*exporter's & importer's*
*Exclusive designer jewellery*
*Dealing with EF VVS quality*
*Own manufacturing unit in mumbai & chennai*

LIFE MEMBER




**6, 5th Floor, Crown Court Building, 128, Cathedral Road,**
**Chennai - 600 086. Tel.: +91 44 4314 1444 / 1555**
**www.shubhdiamonds.com**

## –: શુભેચ્છા સહ :–
## માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
## (ગામ–સાયરા)




● ભુજની ચાણક્ય ગ્રુપ ઓફ ઈન્સ્ટિટ્યૂટસના ૧૩૦૭ વિદ્યાર્થીઓએ મોસ્ટ સ્ટુડન્સ પર્ફોમડ ઓન પેટરીઓટિક ડાન્સ વિથ ઈન્ડિયન ફ્લેગ ફોર્મેશન થીમ પર વર્લ્ડ ઈન્ડિયા રેકોર્ડ સ્થાપિત કરવામાં આવ્યો. ભારતીય રાષ્ટ્રધ્વજના ત્રણ રંગો તથા અશોક ચક્ર ઉપરાંત ભારતનો નકશો જયહિન્દ અને ભારતમાં શબ્દની લિપિ પર તાલબધ્ધ લય પર અલગ અલગ ૧૦ જેટલા ફોરમેશન પાંચ મિનિટ સુધી કૃતિ રજૂ કરી ઈતિહાસ સર્જયો હતો. જેની નોંધ વર્લ્ડ રેકોર્ડ ઈન્ડિયાએ લઈ પ્રમાણ પત્રથી સન્માનિત કર્યા હતા.

● બન્ની પાસેના ભીરંડિયારા પાસેના વકેરિયાના રણમાં શરૂ થયેલો કચ્છનો રણોત્સવ આગળ વધીને ધોરડો સુધી પહોંચ્યો છે. જ્યાં હવે કાયમી ધોરણે દર વર્ષે ત્રણ મહિના માટે યોજાય છે. હવે કચ્છી એવા રાજ્યના પ્રવાસન મંત્રી વાસણભાઈ આહિર માંડવીના સાગર કાંઠે બે મહિના માટે બીચ, ફેસ્ટિવલ યોજવાની તૈયારીઓ શરૂ કરી છે. ૧૫૦ જેટલા ટેન્ટ ઊભા કરવામાં આવશે. ભોજન, ફૂડ કોર્ટ, ફોર્ટ, ક્રાફ્ટ બજાર વગેરે ઊભા કરાશે.

● કચ્છના સુપ્રસિદ્ધ યાત્રાધામ માતાના મઢને અંબાજી જેવું સગવડ ધરાવતું વિશાળ જગા ધરાવતું બનાવવા રાજ્ય સરકારે ચક્રો ગતિમાન કર્યા છે. જિલ્લા કલેક્ટર ડી.કે.પ્રવિણાએ માતાની મઢની જાત મુલાકાત લઈ શું સમસ્યાઓ છે તે અંગે જાણ્યું હતું. મઢ જાગીરના ટ્રસ્ટી ખેંગારજી જાડેજાએ મુખ્યમંત્રી સાથે ગાંધીનગર ખાતે થયેલી બેઠકની વાત કરતા જણાવ્યું કે સરકાર તરફથી ૪૦ થી ૫૦ કરોડ એકલા માતાના મઢમાં વાપરવાની વાત થઈ છે. જેમાં જાગીર ટ્રસ્ટ તરફથી સહયોગની ખાતરી અપાઈ છે એવી માહિતી કલેક્ટર સાથે ચર્ચી હતી.

● ઓરિસાના કટક મધ્યે ઉત્કલ યુવા સાંસ્કૃતિક સંઘ દ્વારા આયોજિત ૧૧મા ઈન્ટરનેશનલ મ્યુઝિક એન્ડ ડાન્સ ફેસ્ટીવલમાં ભુજના ત્રણ બાળકો ૧૫૦૦ થી વધુ દેશ-વિદેશના કલાકારો વચ્ચે હીર ઝળકાવી રાષ્ટ્રીય સંગીતશ્રી એવોર્ડ મેળવી કચ્છનું નામ રોશન કર્યું છે. આ ત્રણેય બાળકો નેપાળના કાઠમંડુમાં એપ્રિલ માસમાં પોતાની કલાના કામણ પાથરવા જશે.

● વડોદરાની ધી મહારાજા સયાજી રાવ યુનિવર્સિટી ઓફ બોર્ડ ખાતે પાંચ હજારથી વધુ છાત્રો જેમાંથી ૧૪ ફેકલ્ટીના ૧૬૫ વિદ્યાર્થીઓને ૨૮૦ ગોલ્ડ મેડલ એનાયત કરાયા. જેમાં ભરત નાટ્યમમાં ભુજ હાલે માધાપરની સૂચિ નીતિનભાઈ ચોથાણીને ચાન્સેલર શુભાંગીની ગાયકવાડ તથા વાઈસ ચાન્સેલર પરિમલ વ્યાસના હસ્તે ગોડલ મેડલ અપાયો. સૂચિ ચોથાણી વિદ્યાર્થીઓને ભરતનાટ્યમની કળા નિઃશુલ્ક શીખવી રહી છે. ઉપરાંત રાજ્ય તેમજ ભુજના કાર્યક્રમોમાં નિર્ણાયક તરીકે સેવા આપતી રહે છે.

● ૩૪ વર્ષથી શિવ મહાપુરાણ કથા શ્રવણ કરાવતા ધરમપુર (વલસાડ)ના શિવકથાકાર બટુકભાઈ વ્યાસ દ્વારા રૂદ્રાક્ષના મહાશિવલિંગના સ્થાપના માટે ચાર ચાર વાર લિમ્કા બુક ઓફ રેકોર્ડમાં નામ નોંધાયું છે. તાજેતરમાં ભુજ ખાતેની શિવ મહાપુરાણ કથા કૈલાસ માનસરોવર ધામમાં યોજાઈ ત્યારે વિશ્વનું સૌથી ઊંચુ સવા પાંત્રીસ ફૂટનું ૩૦ લાખ રૂદ્રાક્ષથી મહાશિવલિંગનું નિર્માણ કરાવાયું હતું.

● મૌલાના આઝાદ નેશનલ ઊર્દુ યુનિવર્સિટી હૈદ્રાબાદના પૂર્વ ચાન્સેલર અને પરસોલી કોર્પોરેશન લિ.ના મેનેજિંગ ડાયરેક્ટર અને વક્તા જાફર સરેશવાલાને વડોદરામાં ભુજની માનવજ્યોતની ચાલી રહેલી પ્રવૃત્તિઓની માહિતી પ્રબોધ મુનવર પાસેથી મેળવી ખુશ થઈ સંસ્થાની પ્રવૃત્તિઓને બિરદાવી સેવાભાવી કાર્યકરોને પ્રવૃત્તિ માટે અભિનંદન આપ્યા હતા.

● ન માત્ર પોતાના સમાજ માટે પણ જ્યાં જ્યાં જરૂર છે ત્યાં પહોંચવું જરૂરી એવા સંદેશ સાથે કચ્છી લેવા પટેલ સમાજ ભુજના દાતારો પૂર્વાચલના ત્રિપુરા રાજ્યમાં કન્યાછાત્રાલય બંધાવ્યું જેનું ઉદ્‌ઘાટન રાજ્યના ઉપમુખ્યમંત્રી દ્વારા થયું.

# સમસ્ત મહાજનની યુવા સમિતિ દ્વારા પ્રથમ ફોટો ટેલ હરિફાઈના વિજેતાઓ જાહેર







સમસ્ત મહાજનના યુવા કમિટી યોજિત પ્રથમ ફોટો સ્પર્ધા ફોટો ટેલ સ્પર્ધા હર તસ્વીર કુછ કહેતી હૈ અંતર્ગત યોજાઈ હતી જેમાં ડીએસએલઆર ફોટોગ્રાફી અને મોબાઈલ ફોટોગ્રાફીએ બંન્ને વિભાગ માટે વિજેતા ઓના નામ જાહેર કરાયા છે.

ડીએસએલઆર ફોટોગ્રાફીમાં પ્રથમ ગૌરવ ખોના, નલિયા હુબલી જ્યારે દ્વિતિય જીગર શાહ સાંયરા રાયપુર અને મોબાઈલ ફોટોગ્રાફી વિભાગમાં પ્રથમ નંબરે રાહુલ ખોના જખૌ-મુંબઈ જ્યારે દ્વિતીય નંબરે ગૌરવ લોડાયા-આરિખાણા-કચ્છ વિજેતા રહ્યાં છે. વિજેતાઓ અઢળક અભિનંદન સ્પર્ધાના જજ તરીકે સીએ કેતન મૈશરી રહ્યાં હતા. આ સ્પર્ધાને બહોળો આવકાર મળ્યો હતો અને સ્પર્ધકોએ એકમાત્ર ફોટો ક્લિક દ્વારા પોતાના મનના ભાવ ફોટો તસ્વીરમાં હુબેહુબ રીતે ઝીલ્યા હતા.


## બેંક અકાઉન્ટની વિગત

### For NEFT Transfer

Type of Account : Saving
Account Number : 002001005497
Name of the Bank : Shri Arihant Co-op. Bank Ltd.
Branch : Mulund (West), Mumbai - 400 080.
Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code : ICIC00ARIHT

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

|| જયશ્રી ભલારા દાદાય નમઃ ||



# શ્રી ભલારાદાદા ટ્રસ્ટ લાલપુર



રજીસ્ટ્રેશન નંબર : A ૧૦૩૯

લાલપુર, જિ. જામનગર - ૩૬૧ ૧૭૦. ફોન : ૦૨૮૯૫-૨૭૩૩૪૮

**મુંબઈ ઓફીસ :** યુ.એમ.ખોના એન્ડ કંપની, ૧૦૧૧, યુનિવર્સલ મેજેસ્ટીક, ઘાટકોપર માનખુર્દ લિંક રોડ સામે, ચેંબુર (વે), મુંબઈ - ૮૮. ફોન : (૦૨૨) ૬૧૫૫૯૯૯૯

**શ્રી ભલારાદાદાની ૩૨મી સમુહ પહેડી ચૈત્ર સુદ ૧ને ગુડીપાડવા બુધવાર તા.૨૫-૩-૨૦૨૦ના કાલીદાસ ઓપન ગ્રાઉન્ડ, પી.કે.રોડ, મુલુંડ (વે), મુંબઈ - ૮૦ ઉત્તમ છેડા અને સાથી કલાકારોના સથવારે આયોજન કરવામાં આવ્યું છે.**

- દાદાની સ્થાપના બપોરે ૩.૩૦ કલાકે
- સામુહિક આરતી સાંજે ૬.૦૦ કલાકે
- સામુહિક વંદના સાંજના ૪.૩૦ કલાકે
- ભક્તિ સંગીત ૬.૦૦ થી ૯.૩૦ કલાકે
- મહાઆરતી ૯.૩૦ કલાકે

## આ વર્ષની સમૂહ પહેડીના લાભાર્થીઓ પરિવારો

માતુશ્રી રાજબાઈ લક્ષ્મીચંદ મોતા પરિવાર (લાખણીયા-વડાલા)
માતુશ્રી પ્રેમાબાઈ લક્ષ્મીચંદ લાપસીયા પરિવાર (રવા-ચેમ્બુર)
શ્રીમતી માલતીબેન જયંત ભવાનજી સોની પરિવાર (સુથરી-જુહુ)
સંઘમાતા દમયંતીબેન રતનશી કુંવરજી લોડાયા પરિવાર (સાંયરા-ઉજ્જૈન)
માતુશ્રી તારાબેન માણેકજી કેશવજી મોતા પરિવાર (રાપરગઢવાળી-ઘાટકોપર)
માતુશ્રી નવલબેન મંગલભાઈ ખોના પરિવાર (ધનરાજ કેટરર્સ) (કોઠારા-મુલુંડ)
માતુશ્રી રાજબાઈ પદમશી મોતા પરિવાર-હસ્તે જયશ્રી ભરત મોતા (કુવાપધર-હૈદ્રાબાદ)
માતુશ્રી વિજયાબાઈ કુંવરજી હરસી લોડાયા પરિવાર (રાપરગઢવાળી-ભાડુંપ)
માતુશ્રી મુક્તાબેન ગોવિંદભાઈ દેવજી પટેલ (મંગવાણા-મુલુંડ)
માતુશ્રી કલ્પનાબેન શામજી નરશી દંડ પરિવાર (સાંધવ-મુલુંડ)
માતુશ્રી મણીબાઈ વાલજી ગોવિંદજી ખોના (શાહ) પરિવાર (સાંધવ-ઘાટકોપર)
માતુશ્રી માકબાઈ લખમશી મેઘજી ધુલ્લા પરિવાર હસ્તે યોગેશ ધુલ્લા (કોઠારા-મુલુંડ)
માતુશ્રી જયાબેન વીરચંદ સોની પરિવાર (સુથરી-જુહુ)
શ્રીમતી ભારતીબેન ભદ્રીચંદ ભવાનજી લખમશી દંડ પરિવાર (છાદુરા/નલીયા-ડોંબિવલી)
શ્રીમતી ચારૂ ગિરીશ નાગડા પરિવાર હસ્તે કાજલ દર્શક અને પરીતા રોહન (નલીયા-મુલુંડ)
શ્રીમતી યશવંતી ચંદ્રકાંત દામજી લોડાયા પરિવાર હસ્તે પ્રિતેશભાઈ (કોઠારા-મુલુંડ)
માતુશ્રી મણીબેન ઉમરશી લોડાયા પરિવાર (નલિયા-ઘાટકોપર)

**આ પહેડીમાં હજી પણ ભાગ્યશાળી પરિવાર સહભાગી થઈ લાભ લઈ શકે છે**

## લાલપુર સ્થાનકે ચૈત્રી ધ્વજા મહોત્સવ

શ્રી લાલપુર ગામે ચૈત્ર સુદ ૧૩,૧૪ અને પુનમના તા.૦૬,૦૭ અને ૦૮ એપ્રિલ ૨૦૨૦ના યતિશ્રી મોતીસાગરજી મ.સા.ના નિશ્રા હેઠળ ધ્વજા મહોત્સવનું આયોજન કરવામાં આવેલ છે.

**આ મહોત્સવ પ્રસંગે સર્વ ભાવિકોને લાલપુર પધારવા આમંત્રણ**

**લિ. ભલારાદાદા ટ્રસ્ટ-લાલપુર વતીથી સર્વે ટ્રસ્ટીઓ**




insurancekhoj.com™

the ultimate stop for insurance™

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

# Karani

insurancekhoj@gmail.com • 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL

KDO Gyatimaiya Weekly E-magazine KDO